અનુસંધાન... પાના પહેલાનું

SIRથી ચૂંટણી પરિણામ...

વિરોધ કરતા કહ્યું હતું કે આ માટેનો ઉપાય 'ઈલેકશન પિટિશન' છે. નાયડુએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચને માત્ર SIR સંબંધિત મુદ્દાઓ અને મતદાર યાદીના સુધારણા દરમિયાન મતોના ઉમેરા અથવા ઘટાડા સામેની પરિણામી અપીલો માટે જ જવાબદાર ગણી શકાય.

અમૃત મહોત્સવમાં...

છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરી પ્રધાનમંત્રીએ લખ્યું હતું કે, "પુનઃનિર્મિત સોમનાથ મંદિરના દ્વાર ખુલ્યાને 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે મહાદેવની પ્રાર્થના કરવી એ એવો અનુભવ છે જેને હું ક્યારેય ભૂલી શકીશ નહીં." પુનઃનિર્મિત સોમનાથ મંદિરના ઉદ્ઘાટનના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે સોમનાથને ભારતની અવિનાશી આત્મા, અડગ શ્રદ્ધા અને સાંસ્કૃતિક ગૌરવનું પ્રતિક ગણાવ્યું હતું.

ટ્રમ્પે ઇરાનની...

જો કે, ઈરાનના જવાબમાં શું હતું તે વિશે વધુ વિગતો આપવાનો તેમણે ઇનકાર કર્યો હતો. તેમણે કહ્યું, તેઓ 47 વર્ષોથી ઘણા રાષ્ટ્રોને પરેશાન કરી રહ્યા છે. ટ્રમ્પે એક્સિઓસને જણાવ્યું કે તેમણે રવિવારે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે વાત કરી હતી અને અન્ય બાબતોની સાથે ઈરાનના જવાબ પર પણ ચર્ચા કરી હતી. નેતન્યાહુ વિશે તેમણે કહ્યું, તે એક ખૂબ જ સારો ફોન કોલ હતો. અમારા સંબંધો સારા છે, પરંતુ તેમણે ઉમેર્યું કે ઈરાન સાથેની વાટાઘાટો મારી સ્થિતિ છે, બીજા કોઈની નહીં.

UPI દ્વારા ટોલ...

તપાસકર્તાઓને મોબાઈલ નંબર ઓળખવામાં અને એક શંકાસ્પદની ઓળખ સ્થાપિત કરવામાં મદદ કરી. આ કડી આખરે અમારી ટીમને આરોપીઓ સુધી લઈ ગઈ.

પોખરણ પરીક્ષણ...

છે.તેમણે જણાવ્યું હતું કે પરમાણુ પરીક્ષણોને "ઓપરેશન શક્તિ" નામ આપવામાં આવ્યું હતું, કારણ કે ભારતીય પરંપરામાં શિવ અને શક્તિ અવિભાજ્ય છે. ચંદ્રયાન મિશન દરમિયાન ચંદ્ર પર ભારતના લેન્ડિંગ સ્થળને "શિવશક્તિ પોઈન્ટ" નામ આપવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો.

"1947માં દેશ...

એકીકૃત કરવાની સાથે સોમનાથના પુનઃનિર્માણ દ્વારા વિશ્વને સંદેશ આપ્યો હતો કે ભારત હવે પોતાના પ્રાચીન ગૌરવને પુનઃસ્થાપિત કરવાની દિશામાં આગળ વધી ચૂક્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે સોમનાથ વિનાશ સામે સર્જન, અસત્ય સામે સત્ય અને સંસ્કૃતિ સામે થયેલા હુમલાઓ સામે અડગ રહેલી ભારતની આધ્યાત્મિક શક્તિનું પ્રતિક છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે "સોમનાથ અમૃત મહોત્સવ માત્ર ભૂતકાળનો ઉત્સવ નથી, પરંતુ આગામી હજાર વર્ષ માટે ભારતની પ્રેરણાનો મહોત્સવ છે."

સોમનાથ મંદિર ઉપર...

આભા ફેલાવી દીધી હતી. ભક્તિ અને રાષ્ટ્રશક્તિના અનોખા સંગમરૂપ આ દ્રશ્યે ઉપસ્થિત હજારો લોકોને ગૌરવ અને દેશભક્તિના ભાવથી અભિભૂત કરી દીધા હતા. સોમનાથ મંદિર ઉપર થયેલા આ ભવ્ય ફ્લાયપાસ્ટને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને સમગ્ર પરિસર "ભારત માતા કી જય"ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

ટ્રમ્પ આવતીકાલથી...

મુદ્દાઓ પર અમેરિકા અને ચીન વચ્ચે તણાવ વધી રહ્યો છે. રવિવારે, અમેરિકાના પ્રિન્સિપલ ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી એના કેલીએ જણાવ્યું હતું કે ટ્રમ્પ બુધવારે સાંજે બેઇજિંગ પહોંચશે, જેને તેમણે 'પ્રતીકાત્મક મહત્વ' ધરાવતી મુલાકાત ગણાવી હતી.

માલ્દીવે ભારતને 5...

એક પ્રેસ કોન્ફરન્સમાં બોલતા મુઈઝુએ જણાવ્યું હતું કે, અગાઉના વહીવટીતંત્રે બજેટની ખાધને પહોંચી વળવા માટે ૨૦૧૯માં SBIને ૫ કરોડ ડોલરના ટ્રેઝરી બિલ્સ જારી કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે, આ બિલો મેચ્યોરિટી પર ચૂકવવાને બદલે અગાઉની માલ્દીવ સરકારની વિનંતી પર દર વર્ષે 'રોલ ઓવર' કરવામાં આવતા હતા.

સોમનાથ ભારતની...

ભક્તિભાવથી છલકાતું વાતાવરણ સમગ્ર સૃષ્ટિ "જય સોમનાથ"નો સંદેશ આપી રહ્યું હોય તેવી અનુભૂતિ કરાવી રહ્યું છે.

વિદેશી ચીજવસ્તુનો...

અપનાવવાની અપીલ કરી હતી.

તેમણે ખાદ્ય તેલના મર્યાદિત ઉપયોગ, સ્વસ્થ જીવનશૈલી અને વિદેશી ઉત્પાદનો ઉપરની નિર્ભરતા ઘટાડવા ઉપર પણ ભાર મૂક્યો હતો. સોનાની આયાતથી દેશની વિદેશી મુદ્રા ઉપર પડતા બોજનો ઉલ્લેખ કરતાં તેમણે હાલની પરિસ્થિતિ સામાન્ય ન બને ત્યાં સુધી સોનાની ખરીદી ટાળવા પણ અનુરોધ કર્યો હતો.

હિમાચલમાં કાર...

લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતા હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ જિલ્લા વહીવટીતંત્રને અસરગ્રસ્ત પરિવારોને તમામ શક્ય સહાય પૂરી પાડવા અને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર મળે તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હોવાનું અહીં જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે. 10 લોકો સવાર હતા તેવી ઓવરલોડેડ ટોયોટા ઈનોવા કાર મનાલીથી ડેલહાઉસી જઈ રહી હતી ત્યારે લહરુ-તુન્નુહટ્ટી રોડ પર આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે વાહનના ભાગો ચારેબાજુ વિખરાઈ ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે તેમને અને બચાવ ટુકડીઓને ઘાયલ વ્યક્તિઓને બહાર કાઢવામાં ઘણી મુશ્કેલી પડી હતી, જેમને બાદમાં ઝોનલ હૉસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ લલિત ભાઈ ફતનાણી, તેમના પત્ની મમતા, પ્રિયાંક કનૈયા લાલ ભોપાણી, તેમના પત્ની કાજલ અને પુત્ર દિયાંશ (તમામ ગુજરાતના રહેવાસી) અને ડ્રાઈવર જસવંત (મંડીના જોગીન્દરનગર સબ-ડિવિઝનના રહેવાસી) તરીકે કરવામાં આવી છે. ગુજરાતી પર્યટકો ભાવનગરના સિંધી પરિવારના હતા અને હિમાચલ ફરવા ગયા હતા.

સુવેન્દુના PAની...

છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ત્રણેય આરોપીઓને પશ્ચિમ બંગાળ લાવવામાં આવ્યા હતા અને ઉત્તર 24 પરગણા જિલ્લાની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને 13 દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. 6 મેની રાત્રે ઉત્તર 24 પરગણા જિલ્લાના મધ્યમગ્રામ વિસ્તારમાં થયેલી આ હત્યાની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા રવિવારે ત્રણેયની અટકાયત કરવામાં આવી હતી અને આજે સવારે તેમની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીએ PTIને જણાવ્યું કે, આ એક મોટી સફળતા છે. તપાસમાં સંકેત મળ્યો હતો કે હુમલાખોરો પશ્ચિમ બંગાળની બહારના હતા. ટેકનિકલ સર્વેલન્સ, ડિજિટલ ટ્રેકિંગ અને અન્ય ઈનપુટ્સના આધારે SITની ટીમોને ઉત્તર પ્રદેશ અને બિહાર મોકલવામાં આવી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, બે આરોપીઓ - મયંક રાજ મિશ્રા અને વિકી મૌર્યની બિહારના બક્સરથી અટકાયત કરવામાં આવી હતી, જ્યારે ત્રીજા આરોપી રાજ સિંહની રવિવારે ઉત્તર પ્રદેશના બલિયાથી અટકાયત કરવામાં આવી હતી. પૂછપરછ બાદ આજે સવારે ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી.

દિલ્હી ડાયરી...

તેમના કહેવાનો અર્થ એ હતો કે સંસદની કેન્ટીનમાં મિલેટ લંચ મળે છે અને ગુરુસ્વામી તાજેતરમાં જ તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ તરીકે નિયુક્ત થયા હોવાથી તેઓ અન્ય લોકોને તે લંચ આપી શકે છે. બીજી તરફ સોલિસિટર જનરલ મહેતાએ વારંવાર વિનંતી કરી કે કોર્ટમાં કોઈ રાજકીય વાતો ન થવી જોઈએ. અંતે, બેનર્જીએ નાયડુને ૪ મેના રોજ પશ્ચિમ બંગાળના ચૂંટણી પરિણામોના દિવસે રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું અને આ ચર્ચાનો અંત આવ્યો.

Federal Bank

ફેડરલ બેંક લિમિટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫.
ઈમેલ : ahdlcrd@federalbank.co.in, ફોન : ૦૭૯-૨૯૯૦૦૩૭૩, મોબાઈલ: ૯૪૨૭૮૫૮૯૯૭

જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોએઓ સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો **ફેડરલ બેંક લિમિટેડ** (સિક્યોર્ડ ક્રેડીટર) પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **પ્રત્યક્ષ કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **ફેડરલ બેંક લિમિટેડ (સિક્યોર્ડ ક્રેડીટર)** ની બાકી લ્હેણી રકમ ની વસુલાત માટે **"જેમ છે ત્યાં" "જેમ છે તેમ" "જે ત્યાં છે"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે, ફેડરલ બેંક લિમિટેડ (સિક્યોર્ડ બેંક લિમિટેડ) ની વેચાણની વિગત નીચે મુજબ છે.

નં.	ઉધારકર્તાનું નામ અને સરનામું	બાકી લ્હેંણી રકમ	અનામત કિંમત અને ઈએમડી	હરાજીની તારીખ
૧.	**(૧). શ્રી વિકાસ નેમચંદ મુંધરા S/o નેમચંદ મુંધરા, (૨). શ્રી પ્રકાશ નેમચંદ મુંધરા S/o નેમચંદ મુંધરા, (૩). શ્રીમતી અંકિતા પ્રકાશ મુંધરા W/o પ્રકાશ નેમચંદ મુંધરા, (૪). શ્રીમતી ગાયત્રી વિકાસ મુંધરા W/o નેમચંદ મુંધરા, બધાનું સરનામું :** ડી-૮૦૨, સોનલ રેસીડેન્સી, રેશમા રો હાઉસની સામે, પર્વત પાટીયા, સુરત, ગુજરાત - ૩૯૫૦૧૦.	પ્રોપટી પાવર એકાઉન્ટ નં. ૧૩૪૩૭૬૦૦૦૦૧૯૦૨ ની બાકી રકમ **રૂા. ૧,૨૦,૩૩,૯૭૫.૮૮ (રૂા. એક કરોડ વીસ લાખ ત્રેત્રીસ હજાર નવસો પંચોતેર અને ઈઠયાસી પૈસા પુરા)**, તા. ૦૨/૦૬/૨૦૨૬ ના રોજ સંયુકત રીતે અને અલગ થી બાકી છે. એસેટ ગાર્ડન (પસર્નલ લોન) લોન એકાઉન્ટ નં. ૧૩૪૩૭૬૦૦૦૦૧૯૧૦ ની બાકી રકમ **રૂા. ૧,૨૩,૭૮૪.૦૨ (રૂા. એક લાખ ત્રેવીસ હજાર સાતસો ચોર્યાસી અને બે પૈસા પુરા)**, તા. ૦૨/૦૬/૨૦૨૬ ના સુધી	**રૂા. ૮૯,૫૦,૦૦૦/- (રૂા. નેવ્યાસી લાખ પચ્ચાસ લાખ પુરા)** ------------- **રૂા. ૮,૯૫,૦૦૦/- (રૂા. આઠ લાખ પંચ્યાણું હજાર પુરા)**	**૦૨.૦૬.૨૦૨૬** ----------- **પ્રત્યક્ષ કબજો**
	સ્થાવર મિલકતનું વર્ણન :- તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીન (પ્લોટ નં. ૧૩૪), કોમર્શિયલ બિલ્ડીંગ, ઓફિસ નં. એફ/૮, પહેલો માળ (સાઈટ મુજબ) અને ઓફિસ નં. ૩૦૮, ત્રીજો માળ (પ્લાન મુજબ), સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૩૧૦૦ સ્કે. ફીટ., બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૪૮.૩૯ સ્કે.મી., કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૧૫૫૦ સ્કે. ફીટ. (અવિભાજીત હકક અને હિસ્સા સાથેની જમીન સાથેનું ક્ષેત્રફળ ૧૪૪.૦૦સ્કે.મી.), સંયુકત રેવન્યુ સર્વે નં. ૯૮/૪, બ્લોક નં. ૨૧૪, ટીપીએસ નં. ૧૩, ફાઈનલ પ્લોટ નં. ૧૩૪, ઓફીરા બિઝનેશ હબ (વીઆઈપી પ્લાઝાની પાછળ, ભગવાન મહાવીર કોલેજની પાસે, વીઆઈપી રોડ, મોજે - ભરથાણા, વેસુ, સુરત, ગુજરાત), ભરથાણા - વેસુ ગામ, તાલુકો - મંજુરા, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - મંજુરા (ચોર્યાસી). **ચતુઃસીમા :- પૂર્વે :** જગ્યા અને લીફ્ટ, **પશ્ચિમે :** ઓફિસ નં. એફ-૪ અને એફ-૯, **ઉત્તરે :** બિલ્ડીંગની ખુલ્લી જગ્યા, **દક્ષિણે :** બિલ્ડીંગની ખુલ્લી જગ્યા.			
૨.	**(૧). શ્રી બસંતકુમાર સેઠી @ બસંત ભગવાન સેઠી, (૨). શ્રી હેમંત ભગવાનભાઈ સેઠી S/o ભગવાનભાઈ સેઠી, (૩). શ્રીમતી શિવાની સેઠી W/o બસંતકુમાર સેઠી @ બસંત ભગવાન સેઠી**, બધાનું સરનામું : ૮૦ એ/બી, લક્ષ્મીનારાયણ સોસાયટી, ગોડાદરા, સુરત, ગુજરાત - ૩૯૫૦૧૦	લોન એકાઉન્ટ નં. ૧૭૯૮૭૩૦૦૦૦૧૨૭૭ ની બાકી રકમ **રૂા. ૧૬,૪૨,૮૯૯.૩૨ (રૂા. સોળ લાખ બેતાલીસ હજાર આઠસો ઓગણસિત્તેર અને બત્રીસ પૈસા પુરા)**, તા. ૧૯/૦૬/૨૦૨૫ ના સુધી	**રૂા. ૧૧,૧૦,૦૦૦/- (રૂા. અગિયાર લાખ દસ લાખ પુરા)** ------------- **રૂા. ૧,૧૧,૦૦૦/- (રૂા. એક લાખ અગિયાર હજાર પુરા)**	**હરાજીની તારીખઃ ૧૯.૦૬.૨૦૨૬** ----------- **પ્રત્યક્ષ કબજો**
	સ્થાવર મિલકતનું વર્ણન :- તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીનનો પ્લોટ નં. ૧૨૨, જેનું ક્ષેત્રફળ ૬૦.૨૨ સ્કે.મી., સિલીકોન રેસીડેન્સી, જે સ્થિત આર.એસ. નં. ૭૭/૨, બ્લોક નં. ૧૧૧/બી, ગામ - જોળવા, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત. **ચતુઃસીમા :- પૂર્વે :** સોસાયટી રોડ, **પશ્ચિમે :** ખુલ્લો પ્લોટ, **ઉત્તરે :** બાઉન્ડ્રીની દિવાલ, **દક્ષિણે :** પ્લોટ નં. ૧૨૩.			
૩.	**(૧). શ્રીમતી પાટીલ કરુણા બુધા W/o બુધા દેવસિંગ પાટીલ અને (૨). શ્રી બુધા દેવસિંગ પાટીલ S/o દેવસિંગ પાટીલ,** બધાનું સરનામું : નં. ૩૮, કેશવ નગર, દિપક કોર્પોરેશનની સામે, નવગામ, ડીંડોલી, સુરત, સુરત - ૩૯૪૨૧૦	લોન એકાઉન્ટ નં. ૨૧૯૫૭૩૦૦૦૦૧૬૪૭ ની બાકી રકમ **રૂા. ૧૧,૧૨,૭૨૨.૩૨ (રૂા. અગિયાર લાખ બાર હજાર સાતસો બાવીસ અને બત્રીસ પૈસા પુરા)**, તા. ૧૯/૦૬/૨૦૨૫ ના સુધી	**રૂા. ૯,૨૦,૦૦૦/- (રૂા. નવ લાખ વીસ લાખ પુરા)** ------------- **રૂા. ૯૨,૦૦૦/- (રૂા. બાણું લાખ પુરા)**	**હરાજીની તારીખઃ ૧૯.૦૬.૨૦૨૬** ----------- **પ્રત્યક્ષ કબજો**
	સ્થાવર મિલકતનું વર્ણન :- તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. ૧૦૪, એરીયાનું ક્ષેત્રફળ ૪૪.૬૫ સ્કે.મી. (કેજેપી મુજબનો દુરસ્તી, બ્લોક નં. ૨૮૩/૧૦૪, એરીયાનું ક્ષેત્રફળ ૪૪.૬૫ સ્કે.મી.), અવિભાજીત હકક સાથેનું ક્ષેત્રફળ ૨૬.૨૫ સ્કે.મી., કોમન રોડ અને સીઓપી સાથે, તમામ સુવિધાઓ સાથે, આરાધના ગ્રીન વેલી, વિભાગ - ૧ ના નામની અને જાણીતું, જે સ્થિત જમીનનો રેવન્યુ બ્લોક નં. ૨૮૩ (જુનો સર્વે નં. ૩૫૯/૨એ), મોજે ગામ - તાંતીથૈયા, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત. **ચતુઃસીમા :- પૂર્વે :** જોડેની સોસાયટીનો આંતરીક રોડ, **પશ્ચિમે :** જોડેનો પ્લોટ નં. ૧૧૫, **ઉત્તરે :** જોડેનો પ્લોટ નં. ૧૦૩, **દક્ષિણે :** જોડેનો પ્લોટ નં. ૧૦૫.			
૪.	**(૧). મે.આદિત્ય ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ, તેમના પ્રોપ્રાઈટર ફર્મ :** ઓફિસ નં. ૪૦૪, ચોથો માળ, શ્યામ વિલા કોમ્પ્લેક્ષ, શ્રવણ ચોકડીની પાસે, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧ **અને સહ-અરજદારો : (૨). શ્રી રમેશ કે રંજન, (૩). શ્રીમતી લીના રમેશ, બંનેનું સરનામું :** ફલેટ નં. એ૧/૧૦૦૪, દસમો માળ, શ્યામ વિલા ફલેટ, દહેજ બાય પાસ રોડ, શ્રવણ ચોકડીની પાસે, ભરૂચ - ૩૯૨૦૦૧ અને (૪). **શ્રીમતી મણી રંજન, રહેણાંક :** કુરુવથ હાઉસ, પલક્કલ પોસ્ટ પેલિસેરી, થ્રિસુર, કેરળ - ૬૮૦૩૦૬	કેશ ક્રેડીટ એકાઉન્ટ નં. ૧૪૭૦૫૫૦૦૦૦૦૨૫૦ ની બાકી રકમ રૂા. **૬,૧૫,૯૩,૬૭૭.૫૧ (રૂા. નવ કરોડ પંદર લાખ ત્રાણું હજાર છસ્સો સિત્યોતેર અને એકાવન પૈસા પુરા)**, તા. ૦૨/૦૬/૨૦૨૬ ના સુધી (ડીઆરટી - ૨, અમદાવાદ સમક્ષ દાખલ કરાયેલ ઓ.એ. નં. ૧૨૪/૨૦૨૨ માં દાવાની રકમ મુજબ ગણતરી કરવામાં આવી છે)	**રૂા. ૪૧,૦૦,૦૦૦/- (રૂા. એકતાલીસ લાખ પુરા)** ------------- **રૂા. ૪,૧૦,૦૦૦/- (રૂા. ચાર લાખ દસ હજાર પુરા)**	**હરાજીની તારીખઃ ૦૨.૦૬.૨૦૨૬** ----------- **પ્રત્યક્ષ કબજો**
	સ્થાવર મિલકતનું વર્ણન :- તમામ ભાગ અને હિસ્સા સાથેનો ફલેટ નં. એ૧/૧૦૦૪, દશમો માળ, ક્ષેત્રફળ ૧૩૬.૧૫ સ્કે.મી., શ્યામ વિલા ફલેટ, દહેજ બાય પાસ રોડ, જે સ્થિત જમીનનો આર. એસ. નં. ૧૪૯, મોજે - ઉમરાજ, તાલુકો અને જીલ્લો - ભરૂચ, ગુજરાત. **ચતુઃસીમા :- ● પૂર્વે :** ફલેટ નં. એ૧/૧૦૦૧, **● પશ્ચિમે :** આંતરીક રોડ, **● ઉત્તરે :** કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, **● દક્ષિણે :** ફલેટ નં. એ૧/૧૦૦૩.			

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને ફેડરલ બેંક લિમિટેડની વેબસાઈટ માં આપેલી લિંકનો સંદર્ભ લો એટલે કે : https://www.federalbank.co.in/web/guest/tender-notices.

ધી ફેડરલ બેંક લિમીટડ વતી,
રીકવરી ડિપાર્ટમેન્ટ અમદાવાદ ડિવિઝન
(સરફેસી એકટ હેઠળ અધિકૃત અધિકારી)

પશ્ચિમ રેલવે અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેનો ચલાવશે

ટ્રેન નંબર	મૂળ અને ગંતવ્ય સ્ટેશનો	સેવાની તારીખ	પ્રસ્થાન	આગમન
૦૯૦૪૧	ઉધના - જયનગર	૧૬.૦૫.૨૦૨૬	૨૩:૩૦ (શનિવાર)	૧૩:૩૦ (સોમવાર)
૦૯૦૪૨	જયનગર - સુરત	૧૮.૦૫.૨૦૨૬	૧૫:૦૦ (સોમવાર)	૦૭.૨૪ (બુધવાર)
હોલ્ટ્સઃ સાયણ, ભરૂચ, વડોદરા, દાહોદ, રતલામ, કોટા, સવાઇ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઇદગાહ આગ્રા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, માનક નગર, લખનૌ, ગોંડા, બસ્તી, ગોરખપુર, નરકટિયાગંજ, રકસૌલ, સીતામઢી, સહિસો, સકરી અને મધુબની સ્ટેશનની બંને દિશામાં. ટ્રેન નં. ૦૯૦૪૨ને બારાબંકી સ્ટેશન પર વધારાનું હોલ્ટ હશે.				
રચનાઃ જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ.				
૦૯૦૪૫	ઉધના - મધુબની	૧૭.૦૫.૨૦૨૬	૦૧:૩૦ (રવિવાર)	૧૬:૦૦ (બીજા દિવસે)
૦૯૦૪૬	મધુબની - સુરત	૧૮.૦૫.૨૦૨૬	૧૮:૦૦ (સોમવાર)	૧૧.૦૯ (બુધવાર)
હોલ્ટ્સઃ સાયણ, ભરૂચ, વડોદરા, દાહોદ, રતલામ, કોટા, સવાઇ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઇદગાહ આગ્રા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, માનક નગર, લખનૌ, ગોંડા, બસ્તી, ગોરખપુર, નરકટિયાગંજ, રકસૌલ, સીતામઢી, સહિસો, સકરી સ્ટેશનની બંને દિશામાં.				
રચનાઃ જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ.				
૦૯૦૪૭	ઉધના - ઝાંઝરપુર	૧૭.૦૫.૨૦૨૬	૦૫:૦૦ (રવિવાર)	૧૯:૦૦ (બીજા દિવસે)
૦૯૦૪૮	ઝાંઝરપુર - સુરત	૧૮.૦૫.૨૦૨૬	૨૧:૦૦ (સોમવાર)	૧૨.૩૯ (બુધવાર)
હોલ્ટ્સઃ સાયણ, ભરૂચ, વડોદરા, દાહોદ, રતલામ, કોટા, સવાઇ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઇદગાહ આગ્રા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, માનક નગર, લખનૌ, ગોંડા, બસ્તી, ગોરખપુર, નરકટિયાગંજ, રકસૌલ, સીતામઢી, સહિસો, સકરી સ્ટેશનની બંને દિશામાં. ટ્રેન નં. ૦૯૦૪૭ને બારાબંકી સ્ટેશન પર વધારાનું હોલ્ટ હશે.				
રચનાઃ જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ.				

સ્ટોપેજ, સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઇ શકે છે.

WESTERN RAILWAY
wr.indianrailways.gov.in
Like us & Follow us on:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

રિઝર્વ્ડ અને અનરિઝર્વ્ડ ટિકીટ બુક કરવા માટે રેલવેની એપનો ઉપયોગ કરો.

ફકત રૂા. ૮૦/- થી શરૂ
જબરજસ્ત ફુલ એકશન સ્ટોરી
ડાકોઈટ

મૃણાલ ઠાકુર, અવિદી સેશ, પ્રકાશરાજ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
ઐતિહાસિક હીટ ફિલ્મ
રાજા શિવાજી

રિતેશ દેશમુખ, સંજયદત્ત, અભિષેક બચ્ચન
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત

સુપરહીટ ફેમિલી ફિલ્મ
ધબકારો ૧૧.૦૦, ૧.૩૦, ૪.૦૦, ૬.૩૦ રાત્રે ૯.૦૦
ભૂતબંગલા ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, રાત્રે ૧૦.૦૦
રાજા શિવાજી ૨.૩૦, ૬.૦૦ રાત્રે ૯.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ત્રીજો માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
દાદી કી શાદી ૯.૧૦, ૧.૦૦, ૨.૩૫, ૬.૨૫, રાત્રે ૮.૧૦
રાજા શિવાજી ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૪૦, ૨.૫૦, ૪.૦૦, રાત્રે ૯.૨૦, ૧૦.૩૦, ૧૧.૦૦
ભૂતબંગલા ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૩૫, ૩.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૧૫, ૧૧.૧૫
મોર્ટલ કોમબર્ટ-2 (હિન્દી) ૯.૨૦, ૩.૧૦, ૫.૨૫, રાત્રે ૧૦.૩૦
મૈં એક્ટર નહી હું (હિન્દી) ૭.૪૫
કૃષ્ણાવતારમ-1 ૯.૧૦, ૨.૩૦, ૪.૩૫, ૭.૪૫, રાત્રે ૧૦.૦૦
ધબકારો (ગુજરાતી) ૯.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૫.૨૦, ૭.૦૦, ૮.૫૦
વાંકીચુકી લવસ્ટોરી (ગુજરાતી) ૧૨.૦૦, ૫.૨૦, ૭.૨૫
ગુલકંદી (ગુજરાતી) સવારે :૧૧.૩૦
લક્ષ્યવેધ (ગુજરાતી) ૧૨.૩૦
બી.જી.એસ. હોસ્ટેલ (ગુજરાતી) ૪.૩૦
બહેરૂપિયો (ગુજરાતી) ૬.૦૦

ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં - ૦૨ સને ૨૦૨૬-૨૭,
ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોન નં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા બિલ્ડીંગના એક કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૧૯૩૬.૬૨ લાખ ની છે.
ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૧૦/૦૬/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.
માહિતી/નર્મદા/૩૯/૨૦૨૬-૨૭

નિવિદા નં.એસ.કે./૦૪/૨૦૨૬-૨૭ (બીજા પ્રયત્ન)

ગુજરાત રાજયના રાજયપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા×મ) વિભાગ તાપી-વ્યારા જીલ્લા સેવા સદન, બ્લોક નં.૧૦, પ્રથમ માળ, વ્યારા, ફોન નં. (૦૨૬૨૬) ૨૨૦૦૮૧ ની કચેરી તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબના કામો ઓન-લાઈન ઈ-ટેન્ડરીંગથી ભાવો માંગવામાં આવે છે.

(૧) વાર્ષિક ભાવો : ૨૦૨૬-૨૭ હેઠળ ટેન્ડર ફોર પ્રોવાઇડીંગ કન્સલ્ટન્સી સર્વિસ ફોર પ્રિપેરેશન ઓફ ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ (ડી.પી.આર.), ડીટેઈલ કોસ્ટ એસ્ટીમેન્ટ, સ્ટાન્ડર્ડ બિડીંગ ડોક્યુમેન્ટ (એસ.બી.ડી.), ટેન્ડર ડોક્યુમેન્ટ, બીડ પ્રોસેસ મેનેજમેન્ટ એન્ડ ઓબ્ટેઈનીંગ એપ્રુવલ ઓફ એસ્ટીમેન્ટ એન્ડ ટેન્ડર ફ્રોમ કોમ્પેટન્ટ ઓથોરીટી ફોર વેરીયસ સિવિલ વર્ક ઓફ રોડ એન્ડ બિલ્ડીંગ અન્ડર પંચાયત રોડ એન્ડ બિલ્ડીંગ ડીવિઝન વ્યારા ડીસ્ટ્રીક્ટ તાપી.

જે કામો માટે ઈ-૧ અને ઉપરના રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદાર પાસેથી ઓન-લાઈન ઈ-ટેન્ડરીંગથી ભાવો માંગવામાં આવે છે. જેની બાનાની રકમ ટેન્ડરની કામની બાનાની રકમ રૂા.૨,૦૦,૦૦૦/- અને ટેન્ડર ફી રકમ રૂા.૧,૫૦૦/-ની રહેશે.
આ નિવિદાની સંપૂર્ણ વિગતો https://tender.nprocure.com ઉપર જોવા મળશે.
ટેન્ડર ઓન-લાઈન સબમીશનની છેલ્લી તા.૨૧/૦૫/૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધી. અને ટેન્ડર ઓન-લાઈન ખોલવાની તા.૨૨/૦૫/૨૦૨૬ સમય ૧૧:૦૦ કલાકે ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.પોસ્ટ એડીથી મોકલવાની છેલ્લી તા.૩૦/૦૫/૨૦૨૬ સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા×મ) વિભાગ, તાપી-વ્યારા રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાના રહેશે.
ટેન્ડર અન્ય શરતો તથા સુધારા-વધારા વેબસાઈટ પર ઓન-લાઈન જોઈ શકાશે.

કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા×મ) વિભાગ
વ્યારા-તાપી

ક્રમાંકઃમાહિતી-સૂરત/૧૦૧/૨૦૨૬

ચીન ઈરાન યુદ્ધનો લાભ લઈને તાઈવાન પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે?



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની બેઠક પહેલાં તાઈવાન ટાપુની આસપાસ ચીની લશ્કરી ગતિવિધિઓમાં અચાનક વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં તાઈવાનની આજુબાજુ પીપલ્સ લિબરેશન આર્મીનાં અનેક વિમાનો અને યુદ્ધ જહાજો ફરી રહ્યાં છે, જેનાથી આ ક્ષેત્રમાં ભૂ-રાજકીય તણાવ ફરીથી શરૂ થયો છે. તાઇવાનના સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર માહિતી આપતાં કહ્યું હતું કે સોમવારે સ્થાનિક સમય મુજબ સવારે ૬ વાગ્યા સુધીમાં સાત ચીની લશ્કરી વિમાનો, પાંચ નૌકાદળનાં જહાજો અને એક સત્તાવાર સરકારી જહાજ તાઇવાનની આસપાસ ઉડાન ભરતા જોવા મળ્યાં હતાં. સાતમાંથી પાંચ વિમાનો બે પ્રદેશો વચ્ચેની બિનસત્તાવાર સરહદ પાર કરીને તાઇવાનના ઉત્તરીય અને દક્ષિણ-પશ્ચિમ હવાઈ સંરક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ્યાં હતાં. તાઇવાનની સેનાએ કહ્યું હતું કે તે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને સુરક્ષા પ્રોટોકોલ હેઠળ યોગ્ય પ્રતિક્રિયા આપી રહી છે.

ચીનનો તાઇવાન પરનો દાવો એક ખૂબ જ જટિલ મુદ્દો છે, જે ઐતિહાસિક, રાજકીય અને કાનૂની મૂળ ધરાવે છે. ચીનનો સત્તાવાર અભિપ્રાય એ છે કે તાઇવાન ચીનનો અવિભાજ્ય ભાગ છે. આ દૃષ્ટિકોણ ચીનની રાષ્ટ્રીય નીતિનો પાયાનો પથ્થર છે અને સ્થાનિક કાયદાઓ અને આંતરરાષ્ટ્રીય નિવેદનો દ્વારા તેનો મજબૂત રીતે બચાવ કરવામાં આવે છે. બીજી બાજુ તાઇવાન એક સ્વતંત્ર ઓળખ જાળવી રાખે છે. તેની પોતાની ચૂંટાયેલી સરકાર, સ્વતંત્ર સૈન્ય અને મજબૂત અર્થતંત્ર છે, જે એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે કાર્યરત છે. આંતરરાષ્ટ્રીય સ્તરે તાઇવાનની સ્થિતિ તેના સાર્વભૌમત્વ, સ્વ-નિર્ણયનો અધિકાર અને બિન-હસ્તક્ષેપના સિદ્ધાંતોની કસોટી કરી રહી છે.

ચીનનો તાઇવાન પરનો દાવો ૧૬૮૩ થી શરૂ થાય છે, જ્યારે કિંગ રાજવંશે ટાપુને પોતાના કબજામાં લઈ લીધો હતો. ૧૮૯૫ માં પ્રથમ ચીન-જાપાની યુદ્ધ બાદ ચીનને આ ટાપુ જાપાનને સોંપવાની ફરજ પડી હતી. ત્યારબાદ તાઇવાન ૫૦ વર્ષ સુધી જાપાની વસાહત બની ગયું હતું.

બીજાં વિશ્વયુદ્ધમાં જાપાનની હાર પછી તાઇવાન ચીનના નિયંત્રણમાં પાછું આવ્યું, પરંતુ તાઈવાનના સાર્વભૌમત્વનું ઔપચારિક હસ્તાંતરણ ક્યારેય કાયદેસર બન્યું નથી. આ વિવાદે ૧૯૪૯માં તેનું આધુનિક સ્વરૂપ ધારણ કરી લીધું, જ્યારે ચીની ગૃહયુદ્ધના પરિણામે ચીનની મુખ્ય ભૂમિ પર પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇનાની સ્થાપના થઈ. ગૃહયુદ્ધમાં હાર બાદ ચીનની રાષ્ટ્રવાદી પ્રજાસત્તાક ચીન સરકાર તાઇવાન ભાગી ગઈ અને તેણે ત્યાંથી સમગ્ર ચીન પર પોતાનો દાવો કર્યો. હવે ચીન પણ તાઈવાન પર દાવો કરી રહ્યું છે. ત્યારથી આ પ્રદેશ બેવડા સાર્વભૌમત્વના દાવાઓ વચ્ચે ફસાયેલો છે. તાઇવાન હાલમાં એક વાસ્તવિક સ્વતંત્ર રાજ્ય તરીકે કાર્ય કરે છે, પરંતુ ચીન સાથે સીધા લશ્કરી સંઘર્ષને ટાળવા માટે તેણે હજુ સુધી ઔપચારિક સ્વતંત્રતા જાહેર કરી નથી.

લગભગ નવ વર્ષ પછી કોઈ અમેરિકી રાષ્ટ્રપતિ ચીનની સત્તાવાર મુલાકાતે જઈ રહ્યા છે. ચીનના વિદેશ મંત્રાલયે સોમવારે જાહેરાત કરી હતી કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૧૩ થી ૧૫ મે દરમિયાન ચીનની મુલાકાત લેશે. આ મુલાકાત ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના આમંત્રણ પર થઈ રહી છે. આ મુલાકાત એવા સમયે ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, જ્યારે અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ, હોર્મુઝ સ્ટ્રેટમાં કટોકટી અને વૈશ્વિક ઉર્જા પુરવઠા અંગે વિશ્વભરમાં ચિંતા વધી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ-શી જિનપિંગ વચ્ચેની વાટાઘાટોમાં તાઇવાનનો મુદ્દો પણ કેન્દ્રસ્થાને રહેવાની અપેક્ષા છે. ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત પહેલાં વરિષ્ઠ અમેરિકન અધિકારીઓએ જણાવ્યું હતું કે તાઇવાન અંગે અમેરિકાની નીતિ યથાવત છે. અમેરિકન અધિકારીઓએ દાવો કર્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે તેના કાર્યકાળના પહેલા વર્ષમાં તાઇવાનને અગાઉના વહીવટીતંત્રે તેના સમગ્ર ચાર વર્ષમાં કરેલા શસ્ત્રોના વેચાણ કરતાં વધુ શસ્ત્રોના વેચાણને મંજૂરી આપી હતી. આ હેવાલો સ્પષ્ટપણે દર્શાવે છે કે ચીનનાં દબાણ છતાં અમેરિકા તાઇવાન

યુદ્ધ પોઈન્ટ
▪ સંજય વોરા ▪

પ્રત્યેના પોતાના સમર્થનના વલણમાં ફેરફાર કરવા તૈયાર નથી.

અમેરિકાના સંરક્ષણ આયોજકો લાંબા સમયથી ચીન-તાઇવાન સંઘર્ષની શક્યતાને અમેરિકા સામેના સૌથી પડકારજનક લશ્કરી દૃશ્યોમાંનું એક માને છે. પેન્ટાગોનના તાજેતરના મૂલ્યાંકન મુજબ ચીન પાસે ઝડપથી વિસ્તરતું સૈન્ય છે, જેમાં નૌકાદળ, મિસાઇલ સિસ્ટમ, ડ્રોન અને ૬૦૦ થી વધુ પરમાણુ શસ્ત્રોનો સમાવેશ થાય છે. તાઇવાન પરના કોઈ પણ યુદ્ધ માટે મોટી સંખ્યામાં લાંબા અંતરની મિસાઇલો, નૌકાદળના ઇન્ટરસેપ્ટર અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓની જરૂર પડશે. ઇરાન સામે હાલમાં ઉપયોગમાં લેવાતાં ઘણાં શસ્ત્રો પણ મહત્ત્વપૂર્ણ બની રહેશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે પ્રસ્તાવિત બેઠક પહેલાં અમેરિકાએ તાઇવાન પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. વરિષ્ઠ અમેરિકન અધિકારીઓએ જણાવ્યું છે કે તાઇવાન મુદ્દા પર અમેરિકાની નીતિમાં કોઈ ફેરફાર થયો નથી અને ભવિષ્યમાં પણ આવા કોઈ ફેરફારની સંભાવના નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે તાઇવાન દ્વારા ગયાં અઠવાડિયે વધારાનું સંરક્ષણ બજેટ પસાર કરવામાં આવ્યું હતું, પરંતુ તેમાં કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવોનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો, જેનાથી અમેરિકા નિરાશ છે. અમેરિકન અધિકારીઓના મતે તાઇવાનની સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મૂળ સંરક્ષણ પેકેજના બાકીના ભાગને પણ મંજૂરી આપવી જોઈએ. તાઇવાને અમેરિકી શસ્ત્રો ખરીદવા માટે એક વધારાનું બજેટ બિલ પસાર કર્યું છે. આ યોજનાનો ખર્ચ ૭૮૦ અબજ તાઇવાન ડોલર અથવા આશરે ૨૪.૮ અબજ અમેરિકન ડોલર સુધી થઈ શકે છે. અમેરિકામાં ડેમોક્રેટિક અને રિપબ્લિકન કાયદા નિર્માતાઓએ તાઇવાન સામે ચીનના વધતાં જોખમો પર ચિંતા વ્યક્ત કરતો ઠરાવ રજૂ કર્યો છે. આ ઠરાવ ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગ વચ્ચેના શિખર સંમેલન પહેલાં આવ્યો છે.

નિષ્ણાતો માને છે કે ચીન હવે તાઇવાન પર દબાણ લાવવા માટે ગ્રે ઝોન યુક્તિઓનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યું છે; એટલે કે સીધી દુશ્મનાવટ વિના સતત લશ્કરી હાજરી જાળવી રાખવી. આ વખતે હવાઈ પ્રવૃત્તિનો અભાવ અને ફક્ત નૌકાદળના જહાજોની હાજરી આ વ્યૂહરચનાનો ભાગ હોવાનું માનવામાં આવે છે. આનાથી ચીન ખુલ્લા મુકાબલા વિના તેની તાકાતનું પ્રદર્શન કરી શકે છે અને તાઇવાનને સતર્ક રહેવાની ફરજ પડે છે. તાઇવાનની સેનાએ જણાવ્યું હતું કે તેણે પરિસ્થિતિ પર નજર રાખી હતી અને જરૂરી બદલો લેવાની કાર્યવાહી કરી હતી. સતત બે દિવસથી ચીનની નૌકાદળની વધતી પ્રવૃત્તિ એ સ્પષ્ટ સંકેત છે કે બેઇજિંગ તેની દબાણની નીતિ ચાલુ રાખી રહ્યું છે. આ પ્રવૃત્તિઓ હાલમાં ઓછી-તીવ્રતા ધરાવે છે, પણ જો ચીનની આ પેટર્ન ચાલુ રહે તો ભવિષ્યમાં મોટી લશ્કરી કવાયતો અથવા વધુ આક્રમક કાર્યવાહીની અપેક્ષા રાખી શકાય છે.

ઈરાન સાથે અમેરિકા અને ઈઝરાયલના યુદ્ધે વ્યૂહાત્મક વિશ્લેષકોમાં એક નવી ચર્ચા જગાવી છે કે જ્યારે અમેરિકન સૈન્ય મધ્ય પૂર્વ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે ત્યારે શું ચીન તાઈવાન પર હુમલો કરવાની તક ઝડપી શકે છે?

ચીને ૧૯૫૦ના દાયકામાં આવું પગલું ભર્યું હતું, જ્યારે અમેરિકા મધ્ય પૂર્વમાં લશ્કરી કાર્યવાહીમાં રોકાયેલું હતું, પરંતુ આ વખતે પરિસ્થિતિ અલગ દેખાય છે. ઈરાન યુદ્ધ શરૂ થયા પછી તાઇવાનની આસપાસ ચીનની લશ્કરી પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો થયો છે. નિષ્ણાતોના મતે આ પગલું ચીન તરફથી રાજદ્વારી સંકેત હોઈ શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની પ્રસ્તાવિત બેઠક પહેલાં અમેરિકાએ તાઇવાન પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે

"Save Energy For Benefit Of Self & Nation"
DGVCL
દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ.
CIN U40102GJ2003SGC042909
વ્યારા વિભાગીય કચેરી (સં અને નિ)
૬૬ કેવી કમ્પાઉન્ડ, એન.એચ ૬ ધુલિયા રોડ, વ્યારા, જીલ્લોઃ તાપી, પીનકોડ-૩૯૪૬૫૦
Vyara,Dist-Tapi, Pin:394650 ઇમેલ આઈડી-Do.vyara@gebmail.com

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેર સુચના

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે જેટકો દ્વારા ૬૬ કેવી લાઇનનું જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખ તથા સમયે તે સબસ્ટેશન માંથી ફીડર પરથી વીજ પુરવઠો મળી શકશે નહી.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ ડીવીઝન	ફોલ્ટ સેન્ટર નં	તારીખ/વાર	સમય
૧	૬૬ કેવી વિરપોર	તમામ ૧૧ કેવી ફીડર	વાલોડ	૧૯૧૨૩	૧૪.૦૫.૨૦૨૬/ ગુરુવાર	૦૮:૦૦ થી ૧૩:૦૦

નોંધઃકામ પૂર્ણ થયા બાદ કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે
કાર્યપાલક ઇજનેર (સં.અને નિ) વ્યારા વિભાગીય કચેરી, દ.ગુ.વિ.કં.લિ
એમ.સી.બી./ઈ.એલ.સી.બી/આર સી સી બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.